| | |
|---|---|
| | દાખલ તારીખ: ૦૨.૦૩.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૨.૦૩.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૦૯.૦૩.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૭ |

=====================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

=====================================================

**ફો. પ. અ. નં.૧૦૩/૨૦૨૬**
**આંક–**

**જાહીર ઉર્ફે કાદુ જાકીરભાઇ હાલાઇ**
ઉ.આ.૧૯,ધંધો:મજુરી,
રહે.તાલાળા,હે.મેમણ કોલોની, રમળેચી રોડ,
તાલાળા,જી.ગીર સોમનાથ.
હાલ જીલ્લા જેલ.જનાગઢ. **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર .....સામાવાળા**

---

**અરજદાર તરફે વિ. વ.શ્રી એસ.એન.સવાણી**
**શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા**

---

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ તાલાલા પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૭૨૬૦૧૬૮/૨૬, બી. એન. એસ. કલમ–૧૦૯(૧), ૧૧૫(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, તથા જી.પી.એ.કલમ–૧૩૫, તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (વી.એ) મુજબના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારોની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણીની દલીલ છે કે, સામાન્ય બાબતમાથી બોલાચાલી થયેલ છે. અરજદાર હાલ હોસ્પીટલમાં સારવાર હેઠળ નથી કોઇ ગંભીર ઇજા નથી. ઇ.પી.કો.કલમ-૩૦૭ અન્વયેનો ગુનો બનતો નથી. ખરેખર ઇ.પી.કો.કલમ-૩૨૪ બી.એન.એસ.એ.ની કલમ-૧૧૮(૧) મુજબનો ગુનો બને છે અને અમોને ખોટી રીતે સંડોવી દિધેલ હોય અમો કયાંય નાસી ભાગી જઇએ તેમ નથી. હાલની જામીન અરજી તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ સાંભળવા ઉપર હતી ત્યારે તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ આવતા અરજી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ તથા તા.૦૬.૦૩.૨૦૨૬ ના રોજ કાર્યવાહી મુલતવી રાખવામાં આવેલ અને તપાસ કરનાર અમલદાર હાજર રહેલ નથી. સોગંદનામુ રજુ કરેલ નથી. અમારે વિના કારણે તપાસ કરનાર અમલદારશ્રીના કારણે જેલમાં રહેવુ પડે તેમ હોય વિ.એ.પી.પી.શ્રીને સાંભળી અમારી અરજી અન્વયે યોગ્ય હુકમ કરવા વિનંતી છે અને નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનુ પાલન કરશુ. જેથી અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, અમે તપાસ કરનાર અમલદારને તપાસના કાગળો સાથે હાજર રહેવા એકથી વધુ વખત સુચના આપેલ છે અને તેઓએ તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ મુદની માંગણી કરેલી જે અરજી આપ સાહેબે તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ મંજુર કરેલ છે. ફરિયાદ મુજબ અમારી એવી રજુઆત છે કે, આરોપી અન્ય આરોપી જેટલા જ ગુનેગાર છે છરીથી ઘા મારેલ છે જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોની દલીલ તથા રેકર્ડ ધ્યાને લેતા તથા એફ.આઇ.આર. તથા અરજદાર તરફે આંક-૮ થી રજુ થયેલ સોગંદનામા મુજબ ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, હાલની જામીન અરજી તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ સાંભળવા ઉપર હતી ત્યારે તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ આવતા અરજી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ તથા તા.૦૬.૦૩.૨૦૨૬ ના રોજ કાર્યવાહી મુલતવી રાખવામાં આવેલ અને તપાસ કરનાર અમલદાર હાજર રહેલ નથી. સોગંદનામુ રજુ કરેલ નથી. અરજદાર વિરૂધ્ધ પેટમાં છરી મારવાનો આક્ષેપ છે. ફરિયાદ જોતા હાલના અરજદાર/આરોપીએ છરીનો ઘા ફરિયાદીના જમણા પડખામાં

મારવા જતા આ છરી જમણા પડખામાં પેડુમાં ભાગે તથા ડાબા હાથ ઉપર લાગેલ તેમજ ફરીવાર બીજો ઘા પડખાના ભાગે મારવા જતા ફરિયાદી પોતાનો ડાબો હાથ આડો રાખતા હાથ ઉપર લાગેલ. આમ, ત્રણ ઘા કરી જીવલેણ હુમલો કરેલ તેવો ફરિયાદીનો આક્ષેપ છે. અરજદારના વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, ફરિયાદીને હોસ્પીટલમાથી મુકત કરવામાં આવેલ છે. સારવાર હેઠળ નથી ફરિયાદપક્ષે ફરિયાદી સારવાર હેઠળ છે કે મુકત કરવામાં આવેલ છે તે અંગે કોઈ વિગત જાહેર કરેલ નથી જેથી અરજદાર જે રજુઆત કરે છે તેને નહી માનવાને કોઈ કારણ નથી તેમજ ફો.પ.અ.નં.૭૭/૨૦૨૪ ના હુકમનુ પાનુ ત્રણ વંચાણે લેતા તેમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, ફરિયાદીના આંક-૭ ના સોગંદનામા મુજબ મુળ ફરિયાદી સાહેદ (અર્પીત ઉર્ફે અપ્પુ દેવશીભાઈ વાળા) ને જામીન ઉપર છોડવામાં વાંધો નથી તેવુ સોગંદનામુ તા.૨૩.૦૨.૨૦૨૬ ના રોજ હુકમ કરેલ ત્યારે રજુ કરેલ. જે પરથી ફરિયાદીને હાલ જાનને જોખમ ન હોય કે સારવાર હેઠળ ન હોય તેવુ માની શકાય તેમ હોય અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્રીત કરી યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવો ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી-**જાહીર ઉર્ફે કાદુ જાકીરભાઈ હાલાઈ,**ઉ.આ.૧૯,ધંધો:મજુરી,રહે.તાલાળા,હે.મેમણ કોલોની, રમળેચી રોડ, તાલાળા,જી.ગીર સોમનાથ, હાલ જીલ્લા જેલ.જનાગઢ.નાઓને તાલાલા પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૭૨૬૦૧૬૮/૨૬, બી. એન. એસ. કલમ-૧૦૯(૧), ૧૧૫(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, તથા જી.પી.એ.કલમ-૧૩૫, તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (વી.એ) મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ઃઃ શરતો ઃઃ</u>**

૧) અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસમાં અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

૨) અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઇપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

૩) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોઈ ફેરફાર થાય તો કોર્ટને જાણ કરવી.

(૩) અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા.

(૪) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ફાઈલ ન થાય ત્યાં સુધી વેરાવળ જીલ્લાની હદમાં પ્રવેશ કરવો નહી.

(૫) અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્વારા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬